PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ००૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/ક્વા-03/૨૦૨૩-૨૪/ ૧૯૦-૨ તારીખ : ૧૯ - ૦૧ - ૨૦૨૪

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

મેં. યોગોદા રિયલ્ટી એલ.એલ.પી.

માતૃ મેરી ગોલ્ડ, મારુતિ સુજુકી શો રૂમ, દ્વારીકા હાઈટ્સ પાસે, સાધુવાસવાણી કુંજ રોડ ,

મુ. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૧

મોબાઈલ : ૯૯૦૪૦૪૪૭૪૭

વિષય : નવા હંગામી વીજજોડાણની અરજી અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૬-૧૨-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૪/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-2.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, માધાપર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૪/ક્વા-૩/૨૩-૨૪/૧૭૦-૨** **તા. 19-01-2024**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૨૪/ક્વા-૩/૨૩-૨૪, તા.૦૬-૧૧-૨૦૨૩

| | |
|---|---|
| **અરજદાર** | : યોગોદા રિયલ્ટી એલ.એલ.પી., ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર | : અરજદાર હાજર રહેલ નથી. |

**:: વિરુધ્ધ ::**

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી:એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨ |
| **રજૂઆત કરનાર** | : શ્રી એન.આર.કંડોલીયા, નાયબ ઈજનેર(ટેક), પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી રાજકોટ શહેર-૨ |

**:: કોરમ::**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી પી.જે.મહેતા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : તા.૦૪.૦૧.૨૦૨૪ (ગુરૂવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૪.૦૧.૨૦૨૪ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદાર યોગોદા રિયલ્ટી એલ.એલ.પી. દ્વારા નવા હંગામી વિજજોડાણ માટે માધાપર અર્બન પેટાવિભાગીય કચેરીમાં તા.30.0૯.૨૦૨૩ થી નંબર MUSD/T-1/6766 દ્વારા અરજી કરેલ છે, જે અન્વયે સંલગ્ન કચેરી દ્વારા તા.૦૭.૧૧.૨૦૨૩ થી જણાવેલ કે યોગેશકુમાર વલ્લભદાસ ઘોડાસરાના નામના જોડાણના વિજબીલની રકમ બાકી હોવાથી નવું હંગામી વિજજોડાણ મળી શકે નહી.

૨.૧ યોગોદા રિયલ્ટી એલ. એલ. પી. જણાવે છે કે તેઓની ભાગીદારી પેઢીમાં યોગેશકુમાર વલ્લભદાસ ઘોડાસરા પાર્ટનર કે તેની કોઈપણ જાતની હક કે હિસ્સેદારી નથી. યોગેશકુમાર વલ્લભદાસ ઘોડાસરાનાં જે વિજબિલની રકમ બાકી બોલે છે તે મેરીગોલ્ડ હાઇટ્સની જગ્યા અને નવા હંગામી વીજજોડાણની માંગણીની જગ્યા એટલેકે માતૃ મેરીગોલ્ડ સાઇટની જગ્યા પણ અલગ છે. અરજદારે સદર સમસ્યાનો

વહેલી તકે નિવારણ લાવવા અને નવું હંગામી વિજજોડાણ જલ્દી મેળવવા માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં. ૪૮૧૬ તા.૨૭.૧૨.૨૦૨૩ થી જણાવેલ કે યોગોદા રિયલ્ટી એલ.એલ.પી. દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં કરેલ ફરિયાદનું સમાધાન થતા અરજદારની સહીવાળું સમાધાનપત્ર તા.૨૩-૧૨-૨૦૨૩ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ યોગોદા રિયલ્ટી એલ.એલ.પી. દ્વારા માતૃ મેરીગોલ્ડ સાઈટની જગ્યામાં હંગામી વીજજોડાણ મેળવવા માટે માધાપર પેટાવિભાગીય કચેરીમાં તા.૩૦-૦૯-૨૦૨૩ ના રોજ અરજી કરેલ છે, જે અનુસંધાને સંલગ્ન પેટાવિભાગીય કચેરીના પત્ર તા.૦૭-૧૧-૨૦૨૩ મુજબ માંગેલ હંગામી વીજજોડાણની જગ્યાના આધાર-પુરાવા મુજબ યોગેશકુમાર વલ્લભદાસ ઘોડાસરાના નામે વીજજોડાણના બીલ ની રકમ બાકી હોવાથી, જે ભરપાઈ થયે હંગામી વીજજોડાણની ફરીથી અરજી કરવા જણાવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ત્યારબાદ સદર બાબતે ફરિયાદીની દ્વારા અત્રેના ફોરમ સમક્ષ કરેલ લેખિત રજૂઆત મુજબ ઉપરોક્ત માંગણી કરેલ હંગામી વીજજોડાણની જગ્યામાં યોગોદા રિયલ્ટી એલ.એલ.પી. ભાગીદારી પેઢીમાં યોગેશકુમાર વલ્લભદાસ ઘોડાસરાની પાર્ટનર કે કોઇપણ જાતની હક્ક કે હિસ્સેદારી નથી, તેમજ યોગેશકુમાર વલ્લભદાસ ઘોડાસરાની જે વીજબીલની રકમ બાકી બોલે છે તે મેરી ગોલ્ડ હાઈટ્સની જગ્યા છે, અને હંગામી વીજજોડાણ માંગેલ છે, તે માતૃ મેરીગોલ્ડ સાઈટની જગ્યા પણ અલગ છે. જે બાબતો ધ્યાનમાં લઈને ન્યાય મેળવવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ સદર કેસની સુનાવણી દરમ્યાન પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ હાલમાં અરજદારની સદર જગ્યામાં ટેમ્પરરી વીજજોડાણ ૦૭ કીવોનું તા.૨૧-૦૧-૨૦૨૩ થી રીલીઝ કરેલ છે, પરંતુ તેમાં વધુ વીજભારની જરૂરિયાત હોવાથી અરજી કરેલ.

૪.૩ ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા હાલમાં માંગેલ જગ્યામાં હયાત હંગામી વીજજોડાણ ગ્રાહક નં – ૩૦૭૦૦-૦૩૧૮૯-૮ થી ૦૭ કીવોનું ચાલુ છે, જેના વીજબીલની રકમ બાકી ન હોવા છતાં, તેમજ સદર જગ્યાના આધાર-પુરાવા રજી. સપ્લીમેન્ટરી ભાગીદારી કરાર નં – **RKT/2MRR/2376** તા.૧૯-૦૨-૨૦૨૧ મુજબ યોગેશકુમાર વલ્લભદાસ ઘોડાસરાની કોઈ હિસ્સેદારી નથી. તેમ છતાં, નિયમોનું મનઘડત અર્થઘડત કરીને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા હંગામી વીજજોડાણની અરજી અન્વયે પત્ર નં -૮૦૬૦ તા.૦૭-૧૧-૨૦૨૩ થી કાર્યવાહી કરવામાં આવેલ નથી, જે નિયમાધીન યોગ્ય જણાતું નથી, તેમજ અરજદારની સદર અરજી અન્વયે

લાગુ પડતી તમામ માહિતી ફોરમ સમક્ષ રજુ કરેલ નથી, જે ગંભીર બાબત ધ્યાને આવેલ છે. જેથી સદર બાબતોમાં ભવિષ્યમાં આ પ્રકારની ભૂલનું પુનરાવર્તન ન થાય તે બાબતે યોગ્ય કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૪ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૦-૧૨-૨૦૨૩ થી અરજદારની સહીવાળું સમાધાનપત્ર ફોરમ સમક્ષ રજુ કરેલ છે, તે મુજબ નવા હંગામી વીજજોડાણની આગળની કાર્યવાહી કરવામાં આવશે. સદર સમાધાનપત્રમાં હંગામી વીજજોડાણ માટેની આગળની કાર્યવાહીની કોઈ સમયમર્યાદા જણાવેલ નથી, જેથી સદર બાબતે થયેલ કાર્યવાહીનો વિગતવાર અહેવાલ અત્રેના ફોરમને દિવસ-૧૫ માં આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં –૦૨૮૧-૨૯૯૪૧૨૫

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot